## વડીલોને વંદન
## અભિનંદન

**આજે જન્મદિવસ**



અનિલભાઈ આર. જાની
(૧૯૪૦) ફોન. ૨૩૨૨૪૯૮૩



દીવ્યાબેન એમ. ધાબલિયા
(૧૯૪૫) ફોન. ૨૩૨૨૩૯૦૪

# રાજ્ય સરકારનું વિકાસનું વિઝન માત્ર વર્તમાન નહીં, ભવિષ્યની પેઢીની સુખાકારીનું છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૬

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે રાજકોટ જિલ્લાના જસદણ નજીક ખાનગી ક્ષેત્રના ૨૫ મે.વો. ક્ષમતાના વિન્ડફાર્મનું ઉદઘાટન કરતા જણાવ્યું કે રાજય સરકાર વર્તમાન વિકાસનું વિઝન જ નહિં ભવિષ્યની પેઢીઓ સુધીના સાતત્યપુર્ણ વિકાસનું આયોજન કરે છે. જસદણ નજીક કાળાસરની સીમમાં ૧૨ પવનચક્કીઓ દ્વારા ૨૫ મે.વો. પવનઉર્જા શકિતમાંથી વિજળી ઉત્પાદન કરવાનો આ ખાનગીક્ષેત્રનો નેજેકટ રીન્યુ પાવર ર્પ્રૂફૂરૂ ભ્રૂફૂશ્વ ગ્રુપે સ્થાપ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ પવન ઉર્જાશકિતના ક્ષેત્રમાં નેજેકટ રોકાણ માટે ખાનગી વિકાસકારોના વિશ્વાસને આવકારતા જણાવ્યુ કે ગુજરાત આજના વર્તમાનનો જ નહી, ભવિષ્યનો વિકાસ થાય તેવું વિઝન અપનાવે છે.

ગુજરાતમાં વીજળી ઉત્પાદન માટે અને જાં વિકાસના બધાજ ક્ષેત્રોનો મહતમ વિનિયોગ કર્યો છે.

રાજયમાં ૧૦,૦૦૦ મે.વો.નું પવનઉર્જાથી વિજળી ઉત્પાદનની ક્ષમતા છે અને ૨૦૦૨માં ૫૧ મે.વો. વિન્ડ પાવરની ક્ષમતા હતી તે વધીને ૩૦૦૦ મે.વો. પર ગુજરાત પહોંચી ગયું છે. કેનાલ ઉપર સોલાર પેનલ લગાવીને સુર્યશકિતથી વિજળી પેદા કરવાનો ચન્દ્રાસણનો નર્મદા કેનાલ પર સોલાર પાવર શરૂ કરીને દુનિયાને ગુજરાતે નવી જ દિશા બતાવી તેના ફાયદા તેમણે સમજાવ્યા હતા.



ભૂતકાળમાં ખેડૂતોને લંગડી વીજળી મળતી આજે વર્ષાન્ત નવા દોઢસો વિજ સબસ્ટેશનો સ્થાપીને પૂરતો વિજપૂરવઠો આપી શકે છે. દશ વર્ષ પહેલા ૧૫ વિજ સબસ્ટેશનો સ્થપાતા હતા.

મુખ્યમંત્રીશ્રીએ વિન્ડ એનર્જી ક્ષેત્રે થઈ રહેલા સંશોધનો માટે પણ ગુજરાત તેનો વિનિયોગ કરવા તૈયાર છે તેનું દ્રષ્ટાંત આપતા જણાવ્યું કે એવી વિન્ડમીલ ટેકનોલોજી આવી રહી છે જે પવનશકિતથી વિજળી અને પાણી પણ આપશે. ગુજરાત પર્યાવરણ સાથે વિકાસનો વ્યુહ અપનાવી રહ્યું છે તેમ તેમણે જણાવ્યું હતું.

સુઝલોનના ચેરમેન અને મેનેજીંગ ડીરેકટરશ્રી તુલશીભાઈ તંતીએ જણાવ્યુ કે બીન પરંપરાગત ર્જા ક્ષેત્રે વીશ્વના ૩૨ (બત્રીસ) દેશોમાં કામ કર્યા પછી ગુજરાતની તોલે કોઈ દેશ આવી ન શકે કારણ કે હાલની રાજય સરકારની નીતિને કારણે રોકાણકારોને આકર્ષણ થાય છે. તેમણે ઉમેર્યુ કે ગુજરાતની ભૌગોલીક પરિસ્થિતિને કારણે વિન્ડ અને સોલાર આમ બન્ને ક્ષેત્રે ગુજરાત દેશના અન્ય રાજયો કરતાં વીજ ઉત્પાદનમાં સરપ્લસ છે અને બીજા રાજયોને પણ પાવર પૂરો પાડે છે. પાવર સેકટરમાં જે લોકો રોકાણ કરે છે તેને ગુજરાતમાં સત્વરે પેમેન્ટ મળી જાય છે. જે બીજા રાજયોમાં ઘણા લાંબા સમયે મળે છે.



ગાંધીનગર શહેરમાં હવે ગટરો તુટતી જોવા મળી રહી છે. શહેરમાં ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો અને ગટરોના ઢાંકણા ચોરાઈ જવાની ફરિયાદો નિત્યક્રમ બની રહી છે. હવે આ ગટરો તુટતી જોવા મળી રહી છે. ગટરનું પાણી ખુલ્લામાં વહી જતું પાટનગરમાં જ જોવા મળી રહ્યું છે. છતાં હજુ તંત્રની ઉંઘ ઉડતી નથી. 'ગ' રોડ પર તુટેલી ગટરની આ તસવીર છે. (તસવીર : દિપક જાની)

## ઊંટ પ્રજાતિનાં સંરક્ષણ માટે ગુજરાતમાં સંશોધન કેન્દ્ર સ્થાપવાની માંગ

ગાંધીનગર, તા. ૬

કૃષિમંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણીએ આજે કેન્દ્રિય કૃષિપ્રધાનશ્રી શરદ પવારને પત્ર લખીને ઊંટ પ્રજાતિનાં સંરક્ષણ માટે ગુજરાતમાં સંશોધન કેન્દ્ર સ્થાપવાની માંગ કરી હતી. શ્રી સંઘાણીએ જણાવ્યું હતું કે રાજ્યમાં ઊંટ પ્રજાતિમાં સંરક્ષણ, ઉછેર અને તેમની વસ્તી જાળવી રાખવા માટે સંશોધન કેન્દ્ર સ્થાપવાની તાકીદની જરૂર છે.

કૃષિ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે જેમનું અસ્તિત્વ ખતરાંમાં હોય તેવી પ્રજાતિઓનાં સંરક્ષણ માટે કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય સંશોધન કેન્દ્રોની સ્થાપના કરવામાં આવે છે. ઊંટ પ્રજાતિનાં સંરક્ષણ માટે આવું જ એક કેન્દ્ર બીકાનેર ખાતે સ્થાપવામાં આવ્યું છે. પરંતુ ગુજરાતને ભાગ્યે જ તેનો કોઈ લાભ મળે છે. આવા સમયે સમગ્ર ઊંટ પ્રજાતિ અને તેમના જૈવવૈવિધ્યને ટકાવી રાખવા માટે કેન્દ્રએ ગુજરાત ખાતે એક અલાયદુ સંશોધન કેન્દ્ર સ્થાપીને ગુજરાત સરકારનાં પ્રયાસોમાં સહાયરૂપ થવું જોઈએ.

કૃષિમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ઊંટોની કચ્છી અને બીકાનેરી એમ બે પ્રજાતિઓ જોવા મળે છે. ઉંટોની વસ્તીની સંખ્યાએ જોતા ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે આવે છે. ગુજરાત ખાતે ઉંટો માટેનાં સંશોધન કેન્દ્રની સ્થાપનાથી ઉંટોની પ્રવૃતિ પર દેખરેખ રાખીને તેમનાં સંરક્ષણ અને ઉછેર માટે એક બૃહદ વ્યૂહ ઘડવામાં મદદ મળી રહેશે. અને ઊંટનાં દૂધનાં આરોગ્ય વિષયક ફાયદાઓ અંગે સંશોધન પણ થઈ શકશે.

## ચૂનાવ જંગ લડશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સ્વાસ્થ્ય ક્ષેત્રે સરકારે આરોગ્ય સેવાના સુદ્રઢીકરણ માટે કેન્દ્રના સહયોગ સાથે પગલાંઓ લીધા છે. શાળા આરોગ્ય ચકાસણી તેમજ કુપોષણ સામેના જંગ માટે તિથી ભોજન જેવી યોજનાઓ અમલી બનાવી છે.

રસીકરણમાં પાછળનો ક્રમ સ્વીકાર કરી હવે ચાર તબક્કે આ વર્ષે જ બાળકોના રસીકરણ માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે પરંતુ શાળાઓમાં રમતના મેદાન પર રમાતી સાંધિક રમતો વિસરાતી જાય છે તેના વિશે ચિંતા કરવાની તેમજ રમતનું મેદાન શાળા નોંધણી વખતે ફરજીયાત હોવાની વાતનું અસરકારક અમલીકરણ જરુરી છે.

મા અમૃતમ્ નામની યોજના અમલી બનાવી બીપીએલ પરિવારના લાભાર્થીઓને આવરી લેવાની વ્યુહરચના અપનાવી સેવાઓના સુદ્રઢીકરણનો પ્રયાસ કરવામાં આવ્યો છે જરૂર પણ ગુણવત્તા સુધારણા અભિયાનને વધુ ગતિશીલ બનાવવામાં નહિ આવ્યું હોવાથી સરકારી આરોગ્ય સેવાઓની ગુણવત્તા હજુ લોકપ્રિય બની શકી નથી ૧૦૮ની સેવાઓ અસરકારક રીતે નિખરી છે.

શિક્ષણ ક્ષેત્રે સરકારે એન્યીનીયરીંગની બેઠકોમાં વધારો મેળવવામાં સફળતા મેળવી છે પણ રોજગારીની તકોમાં જે ઝડપથી વધારો થવો જોઈએ તે થયો નથી. જો કે મેડીકલની બેઠકોમાં વધારો થવાની શકયતાઓ વચ્ચે ડ્રોપ આઉટ રેશિયામાં થયેલો ઘટાડો, કન્યા કેળવણી યાત્રા, પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો યોજી લોકોની ભાગીદારી વધારવામાં સફળતા જરૂર મેળવી છે પણ આ પછી ગુણવત્તા શિક્ષણની સુધારણા માટે હજુ ઘણું બધું કરવાનું બાકી છે.

સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની ઘટતી જતી સંખ્યા, મહાશાળાઓમાં પ્રોફેસરોની ઘટ, રાઈટ ટુ એજયુકેશનના અમલીકરણમાં ઉભા થયેલા પ્રશ્નોના નિરાકરણ માટે તંત્ર વ્યવસ્થાપન નથી શઈ શકયું તે ઉલ્લેખનીય છે. જો કે સરકારના શિક્ષણ વિભાગે ગુણોત્સવના આ વર્ષનું પરિણામ જાહેર નહિ કરવા સાથે શિક્ષકોને જ આત્મચિંતન કરવાની અપીલ જરૂર કરી છે પણ તેના પ્રતિભાવો મેળવવા માટે ચિંતન કરવું આવશ્યક છે.

સુરક્ષા માટે લોકરક્ષકોની ભરતી તેમજ રક્ષાશકિત યુનિ. અને ફોરેન્સીક યુનિ.ની સ્થાપનાનો લાભ સરકાર આ વેળાએ પ્રચાર અભિયાનમાં લેવા માગે છે.

ગુણવત્તાસભર શિક્ષણ અંગે બંધ મુઠ્ઠી રાખી છે પણ શિક્ષણની ગુણવત્તા અંગે પ્રશ્નાર્થો જે ઉભર્યા છે તે ચિંતાજનક હકીકત છે. સરકારી શાળાઓ અને મહાશાળાઓમાં સતત વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી રહી છે તે અંગે તાકીદે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ શિક્ષણપ્રેમીઓમાં ઉઠી છે.

## વર્ગ ચાલુ કરાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દરમિયાન ગાંધીનગર જિલ્લામાં પણ ૫૦ ટકા જેટલી જ શાળાઓમાં જ ધો-૮ના વર્ગો ચાલુ કરવામાં આવ્યા છે.

રાજય સરકાર દ્વારા યોજવામાં આવેલા ગુણોત્સવનું પરિણામ આ વર્ષે સરકારે જાહેર નહિ કરી સરકારી શાળાઓમાં કથળતા જતા

## જગ્યા ઉભી કરાઈ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

માટે પ્રસ્તાવ પણ સામાન્ય સભામાં પસાર કરવામાં આવ્યો હતો.

પંચાયતની આ માગણીનો સ્વીકાર કરી રાજય સરકારના આરોગ્ય વિભાગે હવે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારીની જગ્યા ઉભી કરવાનો નિર્ણય કર્યો છે.

હાલ જિલ્લામાં અધિક મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (કુટુંબ-કલ્યાણ) અને જિલ્લા આર.સી.એચ.ઓ.ની જગ્યા ભરવામાં આવી હતી. અધિક મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જ જિલ્લાની આરોગ્ય સેવાઓ અંગેની બધી કામગીરી સંભાળતા હતા.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની જગ્યા ઉભી કરવામાં આવતાં હવે સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રા.આ. કેન્દ્રો સહિતની આરોગ્ય સેવાઓનું મોનીટરીંગ અને સુપરવીઝન અસરકારક બનાવી શકાશે.

જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારીની નવી ઉભી કરાયેલી જગ્યા પર નવી નિમણુંક કરવામાં આવશે કે પછી એ.ડી.એચ.ઓ. ને જ વધારાનો હવાલો અપાશે તેને લઈ અટકળો ચાલી રહી છે.

## મોડા આવે છે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અધ્યક્ષપદે મળેલી એક ઉચ્ચસ્તરીય બેઠકમાં સંબંધિત વિભાગ દ્વારા પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રેઝન્ટેશનમાં એવું જણાવવામાં આવ્યું હતું કે કચેરીએ મોડા આવનાર કર્મચારીઓનું પ્રમાણ સરેરાશ ૧૩ ટકા જેટલું છે. જ્યારે સાંજે કચેરી સમય કરતાં વહેલા જનાર કર્મચારીઓનું પ્રમાણ સરેરાશ ૭ ટકા જેટલું છે.

૧૩ ટકા જેટલા કર્મચારીઓ કચેરી સમય કરતાં મોડા આવતા હોવાની બાબત સરકારને ધ્યાને આવતાં આ અંગેની ગંભીર નોંધ લઈને સરકારે કર્મચારીઓની હાજરી નિયમિત થાય તે માટે તકેદારી રાખવા માટે તમામ વિભાગોના વડાઓને કડક તાકીદ કરી હોવાનું જાણવા મળ્યું છે.

## શબ્દાવલી - ૪૭૨૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ |
| ૭ | | | | ૮ | ■ | ■ | |
| | ■ | | ■ | ૯ | ૧૦ | | |
| ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | | ■ | ■ |
| ■ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | ૧૭ | |
| ૧૮ | | ■ | ૧૯ | ૨૦ | | | ■ |
| ૨૧ | | ■ | ૨૨ | | ■ | ■ | ૨૩ |
| | ■ | ૨૪ | | | | | |

**આડી ચાવી**

૧. મનોઈચ્છા, મનમાં નિર્ણય (૪)
૫. તકલીફ, મહેનત (૩)
૭. ચમકદાર, ચમકાટવાળુ (૫)
૯. કલા, કૌશલ્ય, ચતુરાઈ (૪)
૧૧. સો નો સમુહ, સેંકડો (૩)
૧૩. ડર, ભય (૨)
૧૪. એક જંતુનાશક દવા (૩)
૧૬. એક શાક, રાજાને ભાવે.... (૩) (એક પ્રસિધ્ધ વાર્તા)
૧૮. વાવવા માટે જે નાન છોડ તૈયાર કરાય તે (૨)
૧૯. સફળ, સક્સેસ (૪)
૨૧. બાણ, તીર (૨)
૨૨. ઢોરને ખવરાવવામાં આવતું ખાદ્ય (૨)
૨૪. મંજૂરી, પરમશીન (૪)

**ઊભી ચાવી**

૧. ઘેન કે નશામાં હોય તેવું (૪)
૨. નરમ, નમવું તે (૨)
૩. સાવ પાતળું, સોટા જેવું (૫)
૪. પોલા અવાજવાળો, બોદાઈ ગયેલ (૨)
૬. નાનુ ઠીકરું (૨)
૮. નાની કાચની ડીસ, તાસક (૩)
૧૦. નિયમ મુદત અને ચોક્કસ હપ્તાઓની બેંક અથવા બચન યોજના (૪)
૧૨. હદ પાર, એક સજા (૪)
૧૫. ટીકા કરનાર, ટીકા કરવાની આદતવાળુ (૪)
૧૭. ગયેલ, વીતી ગયેલ (૨)
૧૮. ઝળહળતું, રોશનીથી ભરપૂર (૩)
૨૦. કમાવા, પૈસા કમાવા (૩)
૨૩. માદાનું વિરોધી (૨)

**શબ્દાવલી ૪૭૨૧ના જવાબ**

**આડી ચાવી :-** (૧) લાઘવગુણ (૪) વાંક (૬) તીડ (૮) હોલો (૧૦) છીપકલી (૧૧) મનોહર (૧૩) કૌશલ્યા (૧૪) પનારો (૧૭) વસુ (૧૮) પવનસૂત (૨૦) નરભક્ષી (૨૧) તાન

**ઊભી ચાવી :-** (૧) લાજાહોમ (૨) વતી (૩) ગુડ (૫) કમ્પલીટ (૭) હોપલેશ (૯) લોનો (૧૨) હત્યારો (૧૩) કૌરવ (૧૪) પવન (૧૫) નાસુર (૧૬) પતન (૧૮) પક્ષી (૧૯) સૂતા

## ઉત્સાહના ઝરણાનો થનગનાટ...

(પાના નં. ૪ નું ચાલુ)

કલકત્તાથી પૂના જતાં રેલગાડીમાં મહાદેવ ગોવિંદ રાનડેએ એક બંગાળી છાપુ ખરીદ્યું. એમનાં પત્નીએ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું કે તમે બંગાળી ભાષા તો જાણતા નથી છતાંય આ છાપું શા માટે ખરીદ્યું? રાનડેએ કહ્યું કે બે દિવસની મુસાફરીમાં સહેલાઈથી બંગાળી ભાષા શીખી લેવાશે. સંપૂર્ણ મનોયોગપૂર્વક એમણે બંગાળી લિપિ તથા એના શબ્દોનાં બંધારણ ઉપર ધ્યાન આપ્યું. પૂના પહોંચીને પરીક્ષા આપતાં તેમણે આંખુ છાપું પત્નીને વાંચી સંભળાવ્યું. નવું જાણવાનો આ ઉત્સાહ જીવનની અંતિમ ક્ષણ સુધી રહે એ વાત મહત્ત્વની છે. એને ઉંમર સાથે કોઈ લેવા દેવા નથી.

કેટલાક ૬૦-૭૦ વર્ષે પણ કામ ઉત્સાહપૂર્વક કરે છે, જયારે કેટલાક ૨૫-૩૦ વર્ષે કામનો ભાર અનુભવે છે. કેટલાક ૧૮-૨૦ કલાક કામ કરીને પણ તાજગી અનુભવે છે, જયારે કેટલાક ૩-૪ કલાકના કામમાં જ થાકી જાય છે. કારણ એક જ... ઉત્સાહથી કામ કરનાર થાકતા નથી. ઉલ્ટાની નવી ઉર્જા, નવી શક્તિ કામ કરતાં કરતાં જ મેળવી લે છે. થાક કામથી લાગતો નથી, ઉત્સાહના અભાવથી લાગે છે, ઉત્સાહ જીવનજળ છે જે એને હંમેશાં નવપલ્લવિત રાખે છે.

હૈદરાબાદમાં જન્મેલા પંડિત સાતવળેકરજી ડ્રૉઈંગ માસ્ટર હતા. તેઓ જેવા નિવૃત્ત થયા કે તરત જ પ્રવૃત્ત થયા. નવું જીવન શરૂ કર્યું. તેઓ સંસ્કૃત ભણવામાં અને વેદોનું ભાષ્ય કરવામાં લાગી ગયા. પ્રાંતિય કોંગ્રેસના અધ્યક્ષ રહીને સ્વતંત્રતા આંદોલન પણ ચલાવતા રહ્યા. નિઝામે જયારે એમને વેદોનું ભાષ્ય પ્રકાશિત ન કરવા દીધું ત્યારે તેઓ સુરત જિલ્લાના કિલ્લા પારડી ગામે પહોંચ્યા અને કામ આગળ વધાર્યું. હિન્દી, મરાઠી અને ગુજરાતીમાં વૈદિક ધર્મનાં સામયિકો શરૂ કર્યા. સંસ્કૃતનો સુબોધ પાઠ્યક્રમ તૈયાર કર્યો. ભારત સરકારે એમને પદ્મભૂષણની પદવીથી સન્માનિત કર્યા. તેઓ ૧૦૨ વર્ષ જીવ્યા... અને જીવ્યા ત્યાં સુધી સૂર્યનમસ્કાર જેવા વ્યાયામની અવિરત ઉપાસના કરતા રહ્યા. ઉત્સાહ, નિયમિતતા અને સંયમ જ એમના જીવનની સફળતાનાં કારણો હતા.

સ્વાઈટ્ઝર કહે છે, ''ઉત્સાહ અને આત્મભોગ સિવાય આ જગતમાં કદી પણ કોઈનેય સાચી સિધ્ધિ સાંપડી નથી.'' રોજ મુશ્કેલીઓને જ જોનારને સામે મુશ્કેલીઓ આવ્યા જ કરે છે અને રોજ ઉત્સાહ અને આશાને જોનારને ઉત્સાહ અને આશા મળે છે.

નવી પેઢીને આપવા માટે આપણી પાસે જો કોઈ એક જ સોગાદ હોય તો તે 'ઉત્સાહ'ની હજો એવી પ્રબળ પ્રભુપ્રાર્થના! ...કારણ કે માનવીના સદ્ભાગ્યનો સર્જક એટલે જ ઉત્સાહ, ઉલ્લાસ, ઉમંગ!

## શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

- શું ફરજ તથા પ્રેમિકાને લીધે નિયતિ જેને અહીં દોરી લાવે છે એ શિવ સૂર્યવંશીઓના પ્રતિ આક્રમણની આગેવાની લેશે? અશુભનો નાશ કરશે?

'મેલુહા' નવલકથાના લેખક અમિષ IIM કલકત્તાના ફાઈનાન્સ પ્રોફેશનલ અને માનવ સંસ્કૃતિના ભવિષ્ય વિશેની જિજ્ઞાસા ધરાવતા ૩૫ વર્ષના યુવા સર્જક છે. તેઓ હાલ મુંબઈમાં રહે છે. અંગ્રેજીમાં લખાયેલ આ નવલકથાનું ગુજરાતી રૂપાંતર વર્ષા પાઠકે કર્યું છે. જેનું પ્રકાશન આર.આર. શેઠ કંપની પ્રા લિ. દ્વારા કરીને શ્રી ભગતભાઈ શેઠે ગુજરાતી વાચકો અને સાહિત્યની અનેરી સેવા કરી છે. જે અભિનંદનીય છે.

**મેલુહા (નવલકથા)**
**લેખક - અમિષ, (રજૂઆત : વર્ષા પાઠક)**
**પ્રકાશક - આર.આર. શેઠ એન્ડ કંપની, ખાનપુર, અમદાવાદ**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨, કિંમત - રૂા. ૧૭૫/-**

## મુખવાસ

● ***ચંદ્ર સોળે કળાએ ખિલ્યો...!***

*શનિવારની રાત્રે ચંદ્ર પૃથ્વીની સૌથી વધુ નજીક આવ્યો હતો... કવિઓએ તો આ ઘડીએ ઘણી સારી-સારી ઉપમાઓ આપીને કલ્પનાના ઘોડા દોડાવી દીધા હશે, પરન્તુ આપણે હવે વાસ્તવિકતાની ધરતી પર રહીને જ વાત કરીએ... આમ તો ૩,૪૭૬ કિલોમીટરના વ્યાસવાળો આપણી પૃથ્વી ૩,૮૪,૪૦૧ કિલોમીટરના અંતરે હોય છે. પરન્તુ ચંદ્ર પર પૃથ્વીની સાથે અને આસપાસ ફરતો હોવાથી શનિવારે ચંદ્ર સામાન્ય કરતાં શનિવારે ૧૫,૩૦૦ કિમોમીટર વધુ નજીક હતો. શનિવારે રાત્રે ૧૧.૩૪ મિનિટે 'સુપર મૂન' પૃથ્વીની ક્ષિતિજની વધુ પાસે મોટો દેખાતો હતો એટલું જ નહીં તે નજીક હોવાથી તેની તેજસ્વીતામાં પણ ૩૦ ટકા જેટલો વધારો દેખાતો હતો. આપણે અવાર-નવાર કહેતા હોઈએ છીએ કે ચંદ્ર ચોળે કળાએ ખિલ્યો છે. ખરેખર શનિવારની રાત્રે ચંદ્ર સોળે કળાએ ખિલ્યો હતો.. બાય ધી વે આ સોળ કળા એટલે શું એ જાણો છો? ચાલો, સોળ કળાના નામ પણ ટપકાવી લ્યો... અમૃતા, મનાદા, પૂષા, પુષ્ટિ, તુષ્ટિ, રતિ, ધૃતિ, રાશિની, ચંદ્રિકા, કાન્તિ, જયોત્સના, શ્રી, પ્રીતિ, અંગદા, પૂર્ણા અને પૂણાર્મૃતા... શનિવારે આ બધી કળાઓ તમે જોઈ?*

● ***ઈકો ફ્રેન્ડલી વાસ્તુ***

*ઈકો ફ્રેન્ડલી વિચારસરણીવાળા હોવું આસાન અને ફૅશનેલબ છે, પરન્તુ આચારસરણીમાં ઈકો ફ્રેન્ડલી રહેવું મોંઘું અને અઘરું છે... છતાં ગાંધીનગરના કલાકાર - રમતવીર દંપતિ ભાવેશ એરડા અને મેઘલ એરડાએ પોતાના નવા ઘર 'મધ્ધમ' ના વાસ્તુ પ્રસંગને 'ઈકો ફ્રેન્ડલી' રીત-રસમ અપનાવીને દીપાવી દીધો. શરૂઆત આમંત્રણ કાર્ડ ઈકો ફ્રેન્ડલી વનસ્પતિ રંગોમાં છપાવીને કરી. વાસ્તુના હોમ-હવન પછીના જમણવારમાં લગભગ મોટા ભાગનું ગાંધીનગરમાં હતું, છતાં બધાને ભાવપૂર્વક ભોજન જમાડી શકાય તે હેતુથી પરંપરાગત પંગત પાડીને, બધાંને બેસાડીને - પીરશીને જમાડ્યાં; અને જમાડ્યાં પણ વાંસ જેવા દેખાતા પરન્તુ સોપારીના ઝાડના પાંદડામાંથી બનાવાયેલી ડીશમાં... સામાન્ય ડીશ કરતાં ખર્ચાળ હોવા છતાં આ અનોખો ઈકો ફ્રેન્ડલી યુઝ ઍન્ડ થ્રૉ ડીનર સેટ શ્રી ભાવેશભાઈ એરડા જાતે અમદાવાદ જઈને પસંદ કરીને લઈ આવ્યા હતા. યોગાનુયોગ દુકાનનું નામ પણ 'ભાવેશ પતરાળા ટ્રેડીંગ...!!!' મેઘલ અને ભાવેશ એરડાએ પોતાનું ઘર પણ કુદરતી અને પ્રાકૃતિક રંગો અને એવા પ્રકારના મટીરિયલ્સથી જ સજાવ્યું છે.*

● ***માણસની 'માણસાઈ'ની તાકાત !***

*ગરમી... ગરમી... ગરમી... હવે ત્રણેક મહિના આપણે બધા જ આ શબ્દ આખા દિવસમાં સત્તરવાર તો બોલશું જ. મા જગદંબાને પણ ગરમી થાય છે તો પછી આપણને તો થાય જ ને. આપણા જગપ્રસિધ્ધ અંબાજીમાં અખાત્રીજથી દિવસમાં દરરોજ ત્રણ ટાઈમ આરતી કરાય છે. અત્યારે ગ્રીષ્મમાં ગરમીને કારણે માતાજીને ત્રણ ટાઈમ સ્નાન કરાવવામાં આવે છે, અને સ્નાન બાદ શણગાર કર્યા પછી આરતી થાય છે. દર વર્ષે વૈશાખ સુદ ત્રીજ; એટલે કે અખાત્રીજથી અષાઢ સુદ એકમ સુધીના બે મહિના દરમિયાન માતાજી ત્રણ વાર સ્નાન કરે છે અને ત્રણ વાર; સવારે ૭ થી ૭.૩૦, બપોરે ૧૨.૩૦ થી ૧ અને સાંજે ૭.૦૦ થી ૭.૩૦ આરતી થાય છે. તમને ખબર છે, અંબાજીમાં બપોરે સ્નાન બાદ શણગાર કર્યા પછી ૧૨.૨૦ થી ૧૨.૨૩ વાગ્યા દરમિયાન માતાજીને દર્પણ પણ દેખાડવામાં આવે છે...! માણસની માણસાઈ દૈવીતત્ત્વને પણ માનવીય બનાવી શકવા સક્ષમ છે!!!*

● ***એસ.એમ.એસ. રત્નકર્ણિકા***

*સંબોધન બદલાય એટલે કંઈ સંબંધ બદલાતા નથી. હા, સંબંધ બદલાય ત્યારે સંબોધન અચૂક બદલાઈ જાય છે.*

## કંપની સમાચાર

## ઓટોડેસ્ટ (USA) દ્વારા સતત ત્રીજી વાર ખોડીયાર કેડ સેન્ટરને ઓટોકેડ ક્ષેત્રે મળેલું ભારતમાં પ્રથમ સ્થાન

અમદાવાદ, તા.૬

ટેકનિકલ એજ્યુકેશનના ક્ષેત્રે ગુજરાત અને સમગ્ર ભારતમાં જાણીતી ઈન્સ્ટીટ્યૂટ 'ખોડીયાર કેડ સેન્ટર' જે અમેરિકાના ઓટોડેસ્ક કંપનીની માન્યતા ધરાવતું ટ્રેનિંગ સેન્ટર છે. ખોડીયાર કેડ સેન્ટર પોતાનું પ્રથમ સાહસ 'ખોડીયાર કેડ સેન્ટર ઈન્ડિયા પ્રા.લી.' ના નામે ૮ ડિસેમ્બર ૨૦૦૩ કાર્યાન્વિત કર્યું હતું અને આજે આ કંપની ફાસ્ટ ગ્રોઈંગ રાજય છે પણ તેમાં IT Solations તેમજ CAD/CAM/CAE ટેકનોલોજીનો અભાવ છે. જેમાં સતત મહેનત કર્યા બાદ ખોડીયાર કેડ સેન્ટરે, ગુજરાતને આ ટેકનોલોજી માટે એક આગવી ઓળખ ઊભી કરી છે. ખોડીયાર કેડ સેન્ટરને છેલ્લા ૨ વર્ષથી ભારતનું પ્રથમ ટ્રેનિંગ સેન્ટર તરીકેનો એવોર્ડ પ્રાપ્ત થતો રહેલ છે અને આ ઓટોકેડ ટ્રેનિંગ સેન્ટર તરીકેનું સન્માન પ્રાપ્ત થયેલ છે. તાજેતરમાં પુને ખાતે ઓટોડેસ્ક (USA) તરફથી યોજાયેલ ખાસ સમારંભમાં ખોડીયાર કેડ સેન્ટરને ૨૦૧૨નું ભારતનું નં.૧ ઓટોકેડ ટ્રેનિંગ સેન્ટર તરીકેનો એવોર્ડ પ્રાપ્ત થયેલ અને સિધ્ધિ ગણાવી શકાય.

'ખોડીયાર કેડ સેન્ટર' ના મેનેજીંગ ડિરેકટર શ્રી જીગ્નેશભાઈ પટેલ આજે અહીં આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે ૨૦૦૩ માં ખૂબ જ નાના પાયે અમારી ઈન્સ્ટિટયુટે આર્કિટેક અને એન્જિયરીંગ શ્રેણીના વિદ્યાર્થીઓને તાલીમ આપવાનો પ્રારંભ કર્યો હતો. અત્યાર સુધીમાં ૨૦,૦૦૦ થી પણ વધારે વિદ્યાર્થીઓ અને ૨૦૦ થી રહ્યા છે. આ ઉપરાંત કંપનીના ડિરેકટર શ્રી નીમેશ પટેલે જણાવ્યું હતું કે ખોડીયાર ગ્રુપ અત્યારે મીકેનિકલ, ઓટોમોબાઈલ્સ, પ્રોડકશન એન્જિન્યરીંગ, સીવીલ એન્જિન્યરીંગ, ઈન્ટીરીયર ડિઝાઈનર્સ અને સ્પેશ્યાલીટી એન્જીન્યરીંગના ક્ષેત્રે ઓટોડેસ્ક (USA) દ્વારા સંશોધિત એડવાન્સ કોર્સ અને ઓટોકેડ તેમજ અન્ય લેટેસ્ટ સોફટવેરની ટ્રેનિંગ આપી રહ્યું છે.

## પરણેતરની પ્રીત

(પાના નં. ૪ નું ચાલુ)

સંધ્યાના મમ્મી દેવાના હાથમાંથી રૂપિયા લેતા શરમાઈ ગયા. તેમનું હૈયું ભરાઈ આવ્યું. અને નતમસ્તકે રૂપિયા લઈ દેવાનો આભાર માનતા કહ્યું, 'દેવાભાઈ, કયા શબ્દોમાં તમારો આભાર માનું, અમારા પર તમારું ઋણ ચઢ્યું. અમે તમારા ઋણી છીએ.' બોલતા બોલતાં સંધ્યાના મમ્મી રડી પડ્યા.

પછી સંધ્યાએ કહ્યું, 'દેવા, તું આજે ન હોય તો મારા મા-બાપ દુઃખના લીધે કાંઈક કરી બેસત! તારા આવવાથી મારા મા-બાપને જીવનદાન મળ્યું હોય એવું લાગે છે!' એમ બોલતા બોલતાં સંધ્યાનું હૈયું ભરાઈ આવ્યું.

સંધ્યા મેં રામાયણમાં વાંચ્યું છે કે,
જેન મિત્ર દુઃખ હોહિ દુખારી,
તિન્હહિ બિલોક્ત પાતક ભારી
નિજ દુઃખ ગિરિસમ રજકરિ જાના
મિત્રક દુઃખ રજ મેરૂ સમાના
જિન્હ કે અસિમતિ સહજ ન આઈ,
તે સઠ કત હઠિ કરત મિતાઈ

દેવાના શબ્દો સાંભલી સંધ્યા અને તેના મા-બાપ સ્તબ્ધ થઈ દેવા સામે જોઈ રહ્યાં, દેવાએ સંધ્યાના ઘરેથી વિદાય લેતા કહ્યું, 'માસી, હું હવે રજા લઉં.' દેવો તેની રૂમ તરફ ગયો

બીજા દિવસે પેઢીમાંથી ટપાલ આવી કે તમારા આજ સુધીના પંદર હજાર રૂપિયા સહાય પેટે મંજુર થયા છે. જે રકમ આવતીકાલે લઈ જશો.

(ક્રમશઃ)